# ગૃહમંદિરની મૂર્તિની વિશેષતા અને નિયમો

ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે

ગૃહ મંદિરમાં અનેક મૂર્તિઓનો સમાવેશ હોય છે. કોઈના ઘરમાં તો મૂર્તિઓની સભા જ ભરેલી હોય છે પણ આ દેવમૂર્તિઓ કારણસર મંદિરમાં સ્થાનાપન્ન થતી હોય છે. કોઈ માણસ તીર્થક્ષેત્રની યાત્રાએ જાય તો ત્યાંથી લઈ આવે. કોઈ મહેમાન આપી જાય, કોઈ ભક્ત મૂર્તિ બનાવીને લઈ આવે તો કોઈ મેળામાં સુંદર લાગે તે લઈ આવે અને મૂર્તિઓ ગૃહમંદિરમાં સ્થાનાપન્ન થતી હોય છે પણ શાસ્ત્રસંમત બધી મૂર્તિઓની દેવપૂજા ન થાય અને પૂજા કરનારો પણ બહુ દેવોની પૂજા કરવામાં ત્રાસી જાય છે.

પોતાના કુળ સ્વામી, કુળસ્વામિનીની મૂર્તિ કે પ્રતિમા, ગોત્રના ઋષિની મૂર્તિ કે પ્રતિમા, સદ્‌ગત વડીલોની મૂર્તિ કે પ્રતિમા અને દેવોમાં શ્રીકૃષ્ણ લાલો, ગૌમાતા કે નંદી, શંખ, દત્તાત્રેય ગુરુ, ગણપતિ, મહાદેવના લિંગ કે મૂર્તિ, અન્નપૂર્ણાદેવી, ભૈરવનાથ, પંચાયતનના દેવો (ગણપતિ-શિવજી- વિષ્ણુ-દેવી-સૂર્ય) ક્રમ આ પ્રમાણે 1. સૂર્ય 2. ગણેશ 3. દેવી 4. શિવજી 5. વિષ્ણુ. પંચાયતન દેવોના ધાતુના છાપા બજારમાં મળે છે. આદ્ય શંકરાચાર્યે પંચાયતન પૂજાની પ્રથા શરૂ કરી છે. પોતાના ઈષ્ટદેવ કે દેવીની મૂર્તિ ગૃહમંદિરમાં રખાય છે. દેવી-દેવ -દેવતા, સાધુસંતોના ફોટાઓ ગૃહમંદિરમાં સામેલ ન કરાય. દેવોના ફોટાઓ દર્શનયોગ્ય છે.

ગૃહમંદિરમાંની મૂર્તિની ઊંચાઈ સાધારણ 6'' ઈંચથી વધારે ન હોવી જોઈએ અને પાષાણ, રત્ન, સોનું, ચાંદી, તાંબુ, પિત્તળ, કાષ્ટ, માટી આ દ્રવ્યોથી બનાવેલ મૂર્તિ પૂજાયોગ્ય હોય છે. કોઈને ત્યાં સ્વયંભૂ એટલે નૈસર્ગિક રીતે આકાર પામેલ મૂર્તિ હોય છે તે પૂજાયોગ્ય હોય છે.

મૂર્તિના ચાર પ્રકાર હોય છે. ભોગ, યોગ, વીર અને અભિચારક. જ્ઞાન અને ભક્તિ માટે યોગમૂર્તિ, ભોગપ્રાપ્તિ માટે ભોગમૂર્તિ, બળ-પરાક્રમપ્રાપ્તિ માટે



વીરમૂર્તિ, ગુપ્ત વિદ્યાની પ્રાપ્તિ માટે બનાવેલ મૂર્તિને અભિચારક મૂર્તિ એવું નામ છે. મૂર્તિના ચલ - અચલ એવા બે પ્રકાર છે. પૂજા માટે બહાર લઈ જવાની મૂર્તિ ચલ મૂર્તિ છે. સંપૂર્ણ મૂર્તિને વ્યક્ત મૂર્તિ અને મસ્તક સાથે છાતી સુધીની મૂર્તિને વ્યકતાવ્યક્ત મૂર્તિ એમ સંબોધાય છે અને અવ્યકત મૂર્તિમાં શાલિગ્રામ અને પાષાણનાં શિવલિંગો આવે છે. ગૃહમંદિર ઊંચે સ્થાને અને પૂજકસ્થાન નીચે હોવું જોઈએ. જયારે પૂજક તીર્થસ્થાને યાત્રા પર જાય તો મૂર્તિઓને ધાતુના ડબ્બામાં ચોખા સાથે લઈ જઈને યાત્રાના નદીના જળથી સ્નાન કરાવી ત્યાંના જાગ્રત દેવની પાદુકાને સ્પર્શ કરીને લાવે તો મૂર્તિનું દેવત્વ નિખરી ઊઠે છે. ગૃહમંદિરની પૂજાથી સાક્ષાત દેવોની પૂજા થાય છે એવો ધર્મ સંકેત છે. સવારસાંજ ગૃહમંદિરના દેવોનું દર્શન, દીવો ને ધૂપ કરવો એ નિત્ય કર્મ ઉપાસના છે. તે અવશ્ય કરવી. સંસારી માણસને પૂજા એટલે તપ છે. પૂજાસ્થાનમાં ઘંટડી પોતાના ડાબા હાથ તરફ મૂકવી અને શંખ જમણા હાથની બાજુએ રાખવો. શંખમાં પાણી ભરી રાખવું. ભગવાનની જમણી બાજુએ ઘીનો દીવા મૂકવો અને ડાબી બાજુએ તેલનો દીવો મૂકવો. શંખ અને ઘંટડી પૂજામાં અવશ્ય રાખવી અને શંખ માટે ઊંચું આસન રાખવું. તેમ જ પૂજામાં બે શિવલિંગ, ત્રણ ગણપતિ, ત્રણ દેવીમૂર્તિ કે બે શંખ ન રાખવા. દેવોનું મુખ દક્ષિણ દિશામાં ન રાખવું. પૂજક ઉત્તર કે પૂર્વ-પશ્ચિમ દિશા તરફ મોઢું રાખીને બેસી શકે છે. દીવો બીજા દીવાની જયોતિથી ન પ્રકટાવાય અને ધૂપ હાથથી નહીં પણ પંખાથી પ્રસારિત કરવો.

સ્નાનવિધિ સૂર્યોદય સાથે આટોપી લેવી. કપાળે ચંદન તિલક કરવું. જળમિશ્રિત ભસ્મ કપાળે, ગળા પર, હાથ પર, છાતી અને પેટ પર પોતાની ત્રણ આંગળીઓથી લેપન કરવું. દેવોને ચંદન તિલક કરો તે જમણા હાથની ત્રીજી આંગળીથી નાની આંગળીની બાજુની આંગળીથી કરવો (અનામિકા) અંગૂઠાની બાજુની આંગળી એટલે તર્જની એનાથી પિતૃઓને ચંદન ટિલો કરવો. પોતે મધ્યમાંથી ચંદન તિલક કરવું. દેવોને પુષ્પ અર્પણ કરવા માટે અંગૂઠો, અનામિકા અને મધ્યમાનો ઉપયોગ કરવો અને દેવાને જે અર્પણ કરેલા ફૂલપત્ર છે જેને નિર્માલ્ય કહેવામાં આવે છે તે અંગૂઠા અને તર્જનીથી કાઢી લેવાના હોય છે.

પૂજાના પ્રારંભમાં વિષ્ણુ ભગવાનના 24 નામોનું

> મૂર્તિના ચાર પ્રકાર હોય છે. ભોગ, યોગ, વીર અને અભિચારક. જ્ઞાન અને ભક્તિ માટે યોગમૂર્તિ, ભોગપ્રાપ્તિ માટે ભોગમૂર્તિ, બળ-પરાક્રમપ્રાપ્તિ માટે વીરમૂર્તિ, ગુપ્ત વિદ્યાની પ્રાપ્તિ માટે બનાવેલ મૂર્તિને અભિચારક મૂર્તિ એવું નામ છે

ઉચ્ચારણ કરવાની પ્રથા છે. ત્યારે બોલવું. ૐ કેશવાય નમઃ, ૐ નારાયણાય નમઃ, ૐ માધવાય નમઃ આચમનીથી ડાબા હાથથી જમણી હથેળી પર જળ લઈને ત્રણ વખત પી જવું અને ૐ ગોવિંદાય નમઃ બોલીને જળ થાળીમાં મૂકવું. આ આચમન પછી પ્રાણાયામ કરવો. પૂરક-કુંભક-રેચક, એક નસકોરો બંધ કરીને બીજા નસકોરાથી શ્વાસ અંદર લઈને રોકી રાખવો અને પહેલા નસકોરાથી શ્વાસ બહાર કાઢવો. એમાં પૂરક, કુંભક અને રેચક થયું ત્યારે મનમાં ગાયત્રીમંત્ર બોલવો અને બોલવું કે દેવતાઓની કૃપાપ્રાપ્તિ માટે દેવપૂજા કરું છું એમ કહીને થાળીમાં પાણી છોડવું અને શ્રદ્ધા-ભક્તિ અને વિશ્વાસથી નિત્ય દેવપૂજા કરવી. સર્વ દેવતાભ્યો નમઃ

---

# સુદામા ચરિત્ર

પંચામૃત
નીલાક્ષી પરીખ



મિત્રો, આપણે જોયું કે પ્રભુએ સુદામાના પૌંઆ ખાધા અને મા યશોદાને યાદ કરી. સુદામાના પૌંઆ સૂકાં ન હતાં તે પ્રેમમાં પલળેલાં હતાં. એક મુઠ્ઠી પૌંઆના બદલામાં સુદામાને પોતાના સરખી સંપત્તિ આપી. દ્વારકાનું ઐશ્વર્ય સુદામાને ત્યાં મોકલ્યું. ભગવાને પ્રત્યક્ષ સુદામાને કંઈ આપ્યું નથી. કારણ, સુદામાનું ગૌરવ ઓછું કરવું નથી. જે આપ્યું તે સીધું ત્યાં મોકલાવ્યું. આપતાં ય આ દ્વારકાવાળો આપણને શીખવાડે કે એવી રીતે આપીએ કે સામેવાળા ને ખબર પણ ન પડે કે કોણે મોકલ્યું? આપણે તો દાન કરીને ઢંઢેરા પીટીએ. ભક્તને ખબર છે કે એક અદૃશ્ય હાથ મને આ બધું આપે છે. એક સંતે કોઈ સારા કાર્ય માટે પ્રવચન કર્યું. કહ્યું કે આ સારા કાર્ય માટે ધનની આવશ્યકતા છે. ‘આપ કે પાસ માલ હૈ ઔર હમારે પાસ માલા હૈ’ ભાવના આપણા બંનેની સારી છે. આવો, બંને મળીને આ શુભ કાર્ય કરીએ. જો અમારી માલા અને તમારો માલ (સંપત્તિ મળી જાય તો થાય માલામાલ). પૂરો સમાજ માલામાલ થશે. ઉત્કર્ષ થશે. ભક્ત જાણે છે કે ઠાકોરજીની કૃપાથી આ બધું મળે છે. જો પ્રભુ ત્રીજી મુઠ્ઠી ખાય તો બધી રાણીઓને સુદામાને ત્યાં દાસી તરીકે જવું પડે એટલે રૂકમણીએ બાવડું પકડી લીધું અને કહ્યું, ‘‘એકલા ખાઈ જાઓ છો તે પ્રસાદ અમને તો આપો.’’ બૌદ્ધિક દૃષ્ટિએ બે મુઠ્ઠી પૌંઆ હશે પ ણ સુદામાનું તો સર્વસ્વ હતું. સુદામાના પ્રારબ્ધ કર્મ પ્રમાણે તેઓ દરિદ્ર હતા. સુદામાના કપાળમાં લખ્યું હતું ‘શ્રી ક્ષયઃ’ પ્રભુ સુદામાને ચંદનનું તિલક કરવા ગયા ત્યારે વાંચી લીધેલું. ભગવાને પોતાની કૃપાથી તે ઉલટાવી નાંખ્યું હતું.‘યક્ષ શ્રીઃ’ કુબેરના ઘરે જે સંપત્તિ છે તે મારા મિત્રને આપવી છે. ભગવાને સુદામાના ભાગ્યની રેખા ફેરવી નાંખી! કૃષ્ણે કરૂણા કરી, ભાગ્યની રેખા ફરી.

ત્યાં તો અક્ષય લક્ષ્મી ચિતરાય છે રે જુઓ સુદામાજી દ્વારિકામાં જાય છે રે. શ્રીકૃષ્ણે પૌંઆ આરોગ્યા એટલે એઓ દ્વારા આખું જગત જમ્યું કારણ કે શ્રીકૃષ્ણ સર્વાત્મા છે. આખા જગતને જમાડવાનું પુણ્ય સુદામાના નામે જમા થયું. આ પુણ્યથી સુદામાના સર્વ પ્રારબ્ધ કર્મો બળી ગયા. ‘પ્રભુએ પૌંઆ હર્યા, ભક્તને તો ભૂપ કર્યા.’

તેથી જીવરાજ પીતાંબર ગુણ ગાય છે રે જુઓ સુદામાજી. સુદામાજી જવા તૈયાર થયા. મનમાં હતું કે શ્રીકૃષ્ણ આગ્રહ કરશે તો રહી જઈશ, પણ ભગવાને વિચાર્યું મેં ત્યાં સર્વ ઐશ્વર્ય મોકલાવ્યું છે પણ સુશીલાએ ભોજન કયું નથી. વધારે રોકીશ તો ભાભી દુઃખી થશે. કથા એવી છે કે ભગવાને પોતાનું પીતાંબર ઉતરાવી લીધું તે એવી ફાટલી પોતડી પાછી પહેરાવી દીધી! કહ્યું ભલા માણસ પીતાંબર મારું છે એ તો ઉતારતો જા. સુદામાની સામે પોતે કંજૂસ અને લોભિયા દેખાણા પણ ત્યાં એટલું બધું આપ્યું કે સુદામાને ય ખબર ન પડી. જ્યારે સુદામા ગામ પહોંચ્યા જોયું તો પોતાની ઝૂંપડીને સ્થાને મોટી હવેલી હતી! સુદામાને થયું કે આટલા દિવસ જાત્રાએ ગયો એમાં કોક બિલ્ડરે આવી મારું ઝૂંપડું ઉપાડી મલ્ટી સ્ટોર ઊભો કરી દીધો! દર્શન તો થયા દ્વારકાનાથના પણ આ તો ગાંઠનું ગોપીચંદન થયું ઝૂંપડું ય ગયું. સુશીલા ક્યાં? બાળકો ક્યાં? સુશીલાજીએ હવેલીમાંથી જોયું કે મારો પતિ આવ્યો. સૂંડલો ઘરેણાં, સરસ વસ્ત્ર સાથે દાસ-દાસી, મંગલવાજા વગાડવાવાળા આવ્યા. કલશધારી કન્યા સાથે સુશીલાજીએ આવી ધામધૂમથી સ્વાગત કર્યું. સુદામાજી આમતેમ જોતા હતા. ત્યાં સુશીલા કહે નાથ, પ્રણામ. સુદામા કહે માતાજી, દૂરથી એમને એમ કે હવેલીવાળા શેઠાણી હશે. જુઓ તો ખરા, હું સુશીલા. અવાજ ઓળખ્યો. સુશીલા તું? આપણું ઝૂંપડું, છોકરાં ક્યાં? સુશીલા કહે ઘોડાગાડી લઈ ફરવા ગયા છે. આ હવેલી આપણી છે. ઠાકોરજીની કૃપા છે.

દોમ-દોમ સાહ્યબી, ચાર બાજુ વૈભવ જોઈ સુદામાને આશ્ચર્ય થયું. વાહ મારા દ્વારકાવાળા! તું મારી પાસે લોભિયો ઠર્યો, પીતાંબર ઉતરાવી લીધું ને મને આટલું બધું દીધું! વાહ જશોદાના જાયા! બીજાને જશ આપનારો તને જશની ભૂખ નથી દેવી! આ પ્રભુનો પ્રસાદ છે. આપણાં છોકરાં ભૂખ્યાં ન રહે પણ આજુબાજુ જોતી રહેશે કોઈના છોકરાં ભૂખ્યાં ન સૂએ. વહેંચીને ખાજે આ પ્રસાદ છે. સુદામાદેવ સંપત્તિમાં આસક્ત થયા વિના એને પ્રભુ પ્રસાદ સમજી માથે ચઢાવી એનો સદુઉપયોગ કરવાની પત્નીને સૂચના આપીને પોતે એ જ ફાટેલી પોતડી પહેરી રોજ જ્યાં ઝાડવા હેઠે ગાયત્રી જપતાં ત્યાં બેસીને હાથમાં માળા લઈ ગાયત્રી જપવા લાગ્યા.

દ્વારકાનાથની યાદમાં આંસુ વહાવતા ભગવાનનાં નામનો જપ કરવા લાગ્યા. સુશીલા કહે નાથ, આ ફાટેલી પોતડી તો બદલો. હવે તો ઘરમાં કેટલા પીતાંબર છે. સુદામા કહે દેવી આ ફાટેલી પોતડી તો દ્વારકાનાથે નીકળ્યો ત્યારે મને યાદ કરીને પાછી પહેરાવી છે.

દેવી હવે તો આ શરીર જે દિવસે બદલીશ તે દિવસે આ પોતડી બદલાશે. શરીર ચિતા પર ચઢશે ત્યારે આ પોતડી ઉતારતા નહીં. પોતડી હારોહાર જશે અને સુદામદેવ એના એ અનાસક્ત ભાવે દ્વારકાધીશના અનુરાગના મગન થઈ ભજન કરતાં રહ્યાં! કહેતા હશે -મારા દ્વારિકાના નાથ મને તારી પાસ રાખ, મને ગમતું નથી નાથ, મને તારી પાસે રાખ. મને તારો રે બનાવી મને તારી પાસે રાખ. મારા દ્વારિકાના નાથ રાણી રૂકમણીની સાથ. શબરી જાતની ભીલડી એના એંઠા ખાધા બોર, કરમાઈનો

> સુદામાદેવ સંપત્તિમાં આસક્ત થયા વિના એને પ્રભુ પ્રસાદ સમજી માથે ચઢાવી એનો સદુઉપયોગ કરવાની પત્નીને સૂચના આપીને પોતે એ જ ફાટેલી પોતડી પહેરી રોજ જ્યાં ઝાડવા હેઠે ગાયત્રી જપતાં ત્યાં બેસીને હાથમાં માળા લઇ ગાયત્રી જપવા લાગ્યા

વ્હાલે ખાધો ખીચડો, એ પણ ખોટી નથી વાત મને તારી પાસે રાખ'' શું આ મૈત્રીની ઊંચાઈ છે! આનંદમાં ડૂબ્યા રહેવું એ જ તો જીવન છે. ભક્ત એમાં ડૂબેલો રહે. સુદામા પ્રાર્થના કરે છે મને જન્મોજન્મ શ્રીકૃષ્ણના ચરણમાં દાસ્ય ભક્તિ મળે.

પોતાનું ભજન કરતાં કરતાં પ્રભુને પામ્યા. સુદામાદેવની તેજસ્વિતા, અજાચકતા અને શ્રીકૃષ્ણના સ્નેહ અને ઉદારતાને વંદન કરીએ. સ્નેહની પરિભાષા સુદામા પાસે શીખીએ. સુદામાચરિત્રનું રહસ્ય એ છે કે પરમાત્મા જીવ માત્રના મિત્ર છે. જીવ સાથે નિઃસ્વાર્થ પ્રેમ કરનારા એક માત્ર નારાયણ છે.

જગતમાં એવો કોઈ નથી જે પોતાનો 16આની ભાગ તમને આપે. ભગવાન પોતાનું સર્વસ્વ સુદામાને આપે છે. માટે ખુશામત કરવી હોય તો ભગવાનની જ કરવી. મિત્રો પૂ. ગુરુદેવની કૃપાથી આ સુદામાચરિત્રનો આરંભ કર્યો હતો. આ સાથે આ દિવ્ય કથા અહીં સંપૂર્ણ થાય છે. સુદામા સમાન પ્રેમ કરતાં શીખીએ અને કૃષ્ણકૃપાના અધિકારી બનીએ એ જ શુભકામના.

(ગુરુવર્ય પૂ. શ્રી રમેશભાઈ ઓઝા, (પૂ. ભાઈશ્રી) ના સત્સંગને આધારે)